| Date | Publication | Headline | Edition |
|---|---|---|---|
| 14 May, 2015 | Gujarat Samachar | According to the MF manager government is doing a good job | Mumbai |



# મ્યુચ્યુઅલ ફંડના મેનેજરોના મત પ્રમાણે કેન્દ્ર સરકાર ઉત્તમ કામગીરી બજાવે છે

એક અગ્રણી મ્યુચ્યુઅલ ફંડના મેનેજરના માનવા પ્રમાણે મોદી સરકારે તેના એક વર્ષના શાસનકાળમાં ઉત્તમ કામગીરી બજાવી છે અને આવનારા ભવિષ્યમાં વધુ સારુ કામ થાય એ માટેનો પાયો મજબૂત કર્યો છે. તેમના કહેવા મુજબ સરકારને સમજાઈ ગયું છે કે લાંબા ગાળે મૂડીની રચના કરવામાં એસેટ મેનેજમેન્ટ કંપનીઓ મહત્વનો ભાગ ભજવશે અને તેમને ખાત્રી છે કે નાણા મંત્રાલય અને સેબીના સાથ સહકાર અને માર્ગદર્શનથી આવનારા દિવસોમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ વિકાસના નવા શિખરો સર કરશે. સબસીડીમાં થયેલી બચત કેન્દ્ર સરકારને મોટી માળખાકીય યોજનાઓ અને વિકાસની યોજનાઓમાં ખર્ચ કરવા માટે જરૂરી પીઠબળ પૂરુ પાડશે.

રિલાયન્સ કેપિટલ એસેટ્સ મેનેજમેન્ટ જૂથના સુનીલ સિંઘાનિયાના માનવા પ્રમાણે મ્યુચ્યુઅલ ફંડ માટે વિકાસની અનેક તકો ઉઘડશે. ભારતમાં ૯૭ કરોડ સેલફોન ધારકો છે અને એકવીસ કરોડ લોકો બેંકોમાં ખાતા ધરાવે છે જ્યારે આની સામે માત્ર ચાર કરોડ નાગરિકો છે જેઓ મ્યુચ્યુઅલ ફંડમાં પોર્ટફોલિયો ધરાવે છે. રોકાણકારોમાં માત્ર વીસ ટકા નાગરિકો મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે છે. ૨૦૧૮ સુધીમાં દેશમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનું કદ વીસ લાખ કરોડ જેટલું થવાની ધારણા એમણે વ્યક્ત કરી હતી.



## ૨૦૧૮ સુધીમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનું કદ વીસ લાખ કરોડને આંબી જશે

નાના અને નવા રોકાણકારો માટે શેરબજારનું પહેલુ પગથિયું મ્યુચ્યુઅલ ફંડ હોવું જોઈએ એવો સ્પષ્ટ મત તેમણે વ્યક્ત કર્યો હતો. ટૂંક સમય માટે શેરબજારમાં રોકાણ કરીને નાણા રળવા બજારમાં આવતા રોકાણકારોને ચેતવણી આપતા આ મેનેજરે કહ્યું હતું કે સ્ટોક માર્કેટ હોય કે પછી મ્યુચ્યુઅલ ફંડ, સંપતિનું સર્જન માત્ર લાંબા ગાળા માટે રોકાણ કરવામાં આવે તો જ થઈ શકે છે. રોકાણ કરવા માટે કોઈ જ સમય પરફેક્ટ નથી હોતો અને રોકાણકારોએ આજથી પોતાના નાણાંનું રોકાણ પદ્ધતિસર અને લાંબા ગાળા માટે કરવું જોઈએ એવી સલાહ એમણે આપી હતી.

તેમણે ફાર્મા ક્ષેત્રનું ઉદાહરણ ટાંકતા કહ્યું હતું કે આ ક્ષેત્રમાં દસ વર્ષ માટે રોકવામાં આવેલા બાર લાખ રૂપિયા દસ વર્ષમાં વધીને બાવન લાખ થઈ ગયા હતા. મ્યુચ્યુઅલ ફંડના આ મેનેજરે કોઈ એક ક્ષેત્રમાં પોતાના નાણાંનું રોકાણ ન કરતા ડાયવર્સિફાઈડ ઈક્વીટી સ્કીમમાં લાંબા ગાળા માટે નાણાંનું રોકાણ કરવાની સલાહ આપી હતી. ઘણી વખત રોકાણકારો ટૂંકા ગાળામાં મળેલા 'રિટર્ન્સ'થી દોરવાઈ અને ભરમાઈ જાય છે. રોકાણકારોએ એવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું જોઈએ જેના મેનેજરો આ ઉદ્યોગમાં દસથી વીસ વર્ષનો અનુભવ ધરાવતા હોય.